વન સંરક્ષકની કચેરી
સામાજીક વનીકરણ વર્તુળ,રાજકોટ
બ્લોક નંબર ૫/૩,બહુમાળી ભવન,રેસકોર્ષ રોડ,રાજકોટ -૩૬૦૦૦૫
ફોન નંબર (૦૨૮૧)૨૪૫૭૩૧૦ ફેકસ નં.(૦૨૮૧)૨૪૭૬૫૫૨
Email: sfcirclerajkot@gmail.com

INDIA @ 75

ક્માંક:–અ/જમન/ટે -૧૪/ 9724-65 /૨૦૨૩-૨૪ તા.08 /૦૮/૨૦૨૩

પ્રતિ,

અધિક અગ્ર મુખ્યવન સંરક્ષકશ્રી,

જમીન,

ગુજરાત રાજય,ગાંધીનગર.

વિષય : Diversion of 0.0684 Ha of Protected Forest land i.e road side strip Plantation declared as protected forest for Laying laying Optical Fiber Cable along the routes From 'T' Junction on S.H. Bhanvad - Porbandar Road to 'T' Junction on S.H.Ranpur Gram panchayat road. Of Bhanvad Taluka, devbhumi dwarka Dist .(00.00 Km to.1.520 Km 0.0684 Ha) FP/GJ/Others/37232/2018

સંદર્ભ:- આપની કચેરીના પત્રાંક:- (૧) એફ.સી.એ./૨૯-સી/બ/૧૪૪૧-૪૨/૨૦૨૩-૨૪ તા.03/૦૮/૨૦૨૩
(૨) એફ.સી.એ./૨૯-સી/બ/૬૫૪૦-૪૧/૨૦૨૨-૨૩ તા.૧૧/૧૧/૨૦૨૨

સાદર ઉપરોકત વિષયે નિવદન કે રીલાયન્સ જીઓ ઈન્ફોકોમ લીમીટેડ અમદાવાદ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા હેઠળના એસ.એચ.-૯૫(ભાણવડ-પાછતર-નાગકા રોડ) ને સમાંતર ઓપ્ટીકલ ફાઈબર કેબલ લાઈન પસાર કરવાના કામે કરવામા આવેલ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની દરખાસ્તમા થયેલ વાયોલેશન બાબતે પર્યાવરણ વન અને જલવાયુ પરીવર્તન મંત્રાલયના ક્ષેત્રીય કાર્યાલય ગાંધીનગરનાતા.૧૩/૦૭/૨૦૨૩ ના પત્રથી મળેલ સુચના મુજબ આપશ્રીના સંદર્ભપત્ર-૦૧ થી કાર્યવાહી કરવા સુચના મળેલ છે.

ઉપરોક્ત વિગતે સદરહું દરખાસ્તમા થયેલ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ ના ભંગ બાબતે વિભાગીય કક્ષાએથી કરાવવામા આવેલ સ્થળ ખરાઈ અહેવાલ મુજબ યુઝર એજન્સીના કોન્ટ્રાકટર દ્વારા માંગણીવાળા કુલ ૧.૫૨૦ કી.મી. વિસ્તારમાં ગેરધોરણે ખોદકામ કરી ઓપ્ટીકલ ફાઈબર કેબલ નાંખવાની કામગીરી, ઢાંકણાવાળી કુંડી તથા પિલ્લરનુ બાંધકામ કરવામાં આવેલ હોય સ્થાનીક સ્ટાફ દ્વારા વન-ગુન્હા નં-૦૧ તા.૧૦-૦૨-૨૦૨૦ થી કોન્ટ્રાકટરશ્રી સાજણભાઇ નથુભાઈ દેથરીયા સામે નોંધવામા આવેલ ગુન્હો તેમના દ્વારા કબુલવામાં આવતા એડવાન્સ રીકવરી પેટે રૂ.૧૫૦૦૦/- વસુલ કરી જામીન મુક્ત કરવામા આવેલ. જે ગુન્હાકામેના તમામ ડોકયુમેન્ટ દરખાસ્તના વાયોલેશન સંલગ્ન એનેક્ષર-૨૩ (નકલ સામેલ) માં અંગ્રેજી અનુવાદ સાથે દરખાસ્તમાં સામેલ રાખવામા આવેલ છે.

વધુમા સદરહુ દરખાસ્તમા થયેલ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ ના ભંગ અન્વયે શ્રી હર્ષાબેન ડી. પંપાણીયા, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, સા.વ.રેન્જ ભાણવડના પત્ર નં.અ/મહક/કેમ્પ/૨૦૨૦-૨૧, તા.૨૯-૦૬-૨૦૨૦ ના અહેવાલમા જણાવ્યા મુજબ તા.૦૫-૦૪-૨૦૧૯ના રોજ તેઓશ્રી તેમજ તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ સ્થળ તપાસ દરમ્યાન માંગણીવાળા વિસ્તારમાં કોઇ કામગીરી થયેલ ન હતી. ત્યારબાદ શ્રી ખીમાભાઈ એન. ભીંભા ફોરેસ્ટર ભાણવડની બદલી થતા તેમના હસ્તકનો વધારાનો હવાલો શ્રીસીદાભાઈ આર. વકાતરને



Scanned with CamScanner

સોંપવામાં આવતા તેમના દ્વારા સવાલવાળા વિસ્તારમા ફેરણું કરતા યુઝર એજન્સી દ્વારા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ નો ભંગ કરી માંગણીવાળા વિસ્તારમા ટી-જંકશન માટેની સીમેન્ટની કુંડીનુ બાંધકામ તથા ઓ.એફ.સી. કેબલ નાંખવાની કામગીરી કરવામા આવેલ હોવાનુ જણાઈ આવતા તા.૧૦-૦૨-૨૦૨૦ના રોજ ગુન્હો દાખલ કરવામા આવેલ હોય રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, સા.વ.રેન્જ ભાણવડ દ્વારા ગુન્હાકામના જરૂરી કાગળો સાથે વિભાગીય કક્ષાએ અહેવાલ સાદર કરવામા આવતા જવાબદાર અધિકારી/કર્મચારીઓની તેમના ફરજ પ્રત્યેની નિષ્કાળજી/બેદરકારી દાખવવા બદલ નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ.વિભાગ, દેવભૂમિ દ્વારકા દ્વારા તેમના પત્રાંક : બ/મહક/ટે-૪/૩૦૫-૦૬,તા.૦૯-૦૬-૨૦૨૦ થી (નકલ સામેલ) કારણ દર્શક નોટીસ પાઠવી સમય મર્યાદામા ખુલાસા સાદર કરવા સુચના આપવામાં આવેલ.

ઉપરોક્ત વિગતે (૧) શ્રી હર્ષાબેન ડી. પંપાણીયા, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, સા.વ.રેન્જ ભાણવડ દ્વારા કરવામા આવેલ ખુલાસો ભવિષ્યમા આવી કોઇ બાબતનુ પુનરાવર્તન ન થવા પામે તેવી તાકીદ સાથે તત્કાલીન નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ.વિભાગ, દેવભૂમિ દ્વારકા દ્વારા તેમના પત્રાંક : બ/મહક/ટે-૪/૨૦૪૦-૪૧, તા.૨૦-૧૦-૨૦૨૦ (નકલ સામેલ) તથા (૨) તત્કાલીન વનપાલ શ્રી ખીમાભાઈ એન. ભીંભા દ્વારા કરવામા આવેલ ખુલાસો ભવિષ્યમા આવી કોઇ બાબતનુ પુનરાવર્તન ન થવા પામે તેવી તાકીદ સાથે તત્કાલીન નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ.વિભાગ, દેવભૂમિ દ્વારકા દ્વારા તેમના પત્રાંક : બ/મહક/ટે-૪/૨૦૪૨-૪૩, તા.૨૦-૧૦-૨૦૨૦ (નકલ સામેલ) થી ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

સદરહું દરખાસ્તમાં વન વિભાગની પરવાનગી સિવાય કામગીરી કરવામાં આવેલ હોઈ વાયોલેશનની ગાઈડ લાઈન્સ અનુસાર વળતર વનીકરણ હેક. ૧-૦૦ તથા પેનલ વળતર વનીકરણ હેક. ૧-૦૦ મળી કૂલ હેક. ૨-૦૦ ની વળતર વનીકરણ સ્કીમ પોરબંદર વન વિભાગની રાણાવાવ રણાવાવ રેંજના મોજે-રાણાવાવ ફોરેસ્ટ સ.નં. ૫૬૪ ના વિસ્તારની વળતર વનીકરણ સ્કીમ તૈયાર કરી તાંત્રીક મંજુરી સાથે દરખાસ્તનાં એનેક્ષર–૧૯ થી સામેલ રાખવામા આવેલ છે અને એન.પી.વી.ની રકમ ભરપાઈ કરવાની થતી હોય નિયત નમુનાના ચેકલીષ્ટ નંબર–૧૨ માં યુઝર એજન્સીનું બાહેધરી પત્ર મેળવી દરખાસ્તમાં સામેલ રાખવામા આવેલ છે.

સદરહું દરખાસ્તમાં યુઝર એજન્સી દ્વારા વન સંરક્ષણ ધારા–૧૯૮૦ નો ભંગ કરવામાં આવેલ હોય શિક્ષાત્મક શરતો સાથે મંજુરી આપવાની ભલામણ સહ અત્રેના પત્રાંક :-અ/જમન/ટે-૧૪/૭૦૯-૧૦/૨૦૨૩-૨૪ તા.૨૦/૦૭/૨૦૨૧ થી દરખાસ્ત સાદર કરવામા આવતા આપના સંદર્ભપત્ર-૦૨ થી વન સંરક્ષણ ધારા–૧૯૮૦ ના ભંગ બદલ એફ.સી.એ.ગાઇડ લાઇન-૨૦૧૯ ના પેરા ૧.૨૧ મુજબ જવાબદાર અધિકારી/કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી અહેવાલ સાદર કરવા સુચના આપવામા આવતા તત્કાલીન ના.વ.સં.શ્રી,દે.દ્વારકા દ્વારા એફ.સી.એ.ગાઇડ લાઇન-૨૦૧૯ ના પેરા ૧.૨૧ મુજબ જવાબદાર અધિકારી / કર્મચારી સામે કરવામા આવેલ શિક્ષાત્મક કાર્યવાહીનો અહેવાલ તેમના પત્રાંક:- અ /જમન/ટે.૮/૮૭૨/૨૦૨૨-૨૩, તા.૩૧/૧૨/૨૦૨૨ થી રજુ કરવામા આવતા અત્રેના પત્રાંક:- અ / જમન / ટે.૧૪ / ૨૧૧૨-૧૩ / ૨૦૨૨-૨૩ તા.૧૬/૦૧/૨૦૨૩ થી (નકલ સામેલ) અહેવાલ સાદર કરવા આવેલ છે.

આમ સદરહુ દરખાસ્ત ૨૦૧૮ ના વર્ષથી ચાલતી હોય ઉપરોક્ત વિગતે જણાવેલ તમામ વિગતો ધ્યાને લઇ આપશ્રીની કક્ષાએથી આગળની ઘટીત કાર્યવાહી થવા વિનંતી છે.જે વિદીત થવા વિનંતી છે.

સામેલ:- ઉપર મુજબ

વન સંરક્ષક

સામાજીક વનીકરણ વર્તુળ,

રાજકોટ

નકલ રવાના :- નાયબ વન સંરક્ષકશ્રી,સામાજીક વનીકરણ વિભાગ, દેવભુમી દવારકા તરફ જાણ થવા સારૂ

E:\A.V. Gohil\FCA\Forwording Latter.docx



Scanned with CamScanner